ગાંધીનગર સમાચાર

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મિથુન**

**આજના ગ્રહોની કુંડળી**




**ત્રીસમીથી રાહુ સિંહ રાશિમાં પ્રવેશ કરશે - ગુરુ સાથેની યુતિથી ચાંડાલ યોગ શરૂ થશે.**

**મેષ** આઠમે શનિ - અઢી વર્ષની પનોતી ચાલે છે - શનિ મહારાજની પૂજા - ભક્તિ કરવાથી શારીરિક - આર્થિક નુકસાન થતું અટકી શકે છે.

**વૃષભ** રાશિથી ચોથે ગુરુ સારું ફળ આપે બાકી પાંચ - છ - સાત સ્થાનના પાપગ્રહો તો હેરાન પરેશાન કરવાનું બાકી ના રાખે - મિત્રો સાથે વાદ-વિવાદ ન કરવો.

**મિથુન** રાશિમાં ચંદ્રનું ભ્રમણ સારું છે - શુક્રથી દ્રષ્ટ છે - બુધથી દ્રષ્ટ છે - તેથી દિવસ વિના વિઘ્ને પસાર થઈ જાય - ન ધારેલ આવક થાય - ધનલાભ થાય.

**કર્ક** શત્રુઓ વધારવાનો સમય ચાલે છે - શક્ય તેટલા શત્રુઓ ઓછા વધે તે માટે વાણી ઉપર કાબૂ રાખશો - સાતમે સૂર્ય નુકસાન કરાવે.

**સિંહ** શનિની અઢી વર્ષની પનોતી ચાલે છે - શનિ મહારાજની પૂજા - ભક્તિ કરવાથી આવનાર સમયમાં થતું તમામ પ્રકારનું નુકસાન અટકી શકે છે.

**કન્યા** રાશિમાં રાહુ છે જે આગામી આઠ દિવસ બાદ રાશિ બદલીને ત્રીસમીએ સિંહ રાશિમાં આવે છે. ત્રીસમીથી રાહુ - ગુરુની યુતિથી ચાંડાલ યોગ શરૂ થાય છે. ધનના નુકસાનનો યોગ થશે.

**તુલા** શનિની સાડાસાતીનો છેલ્લા તબક્કો ચાલે છે. શનિ - દેવ અને હનુમાનજીની ભક્તિ કરવી - ઉતરતી સાડાસાતીની પનોતી એકાદ આકસ્મિક ધનલાભનો યોગ બનાવે છે.

**વૃશ્ચિક** શનિની સાડાસાતીનો મધ્ય ભાગનો તબક્કો ચાલે છે. તંદુરસ્તીના ઘણા બધા પ્રશ્નો ઉભા કરી શકે - ગેસ - અપચા - કબજીયાત વિગેરેના રોગો થઈ શકે છે.

**ધન** શનિની સાડાસાતીનો પ્રારંભિક તબક્કો ચાલે છે - અણધાર્યા ખર્ચા થાય - ન ધારેલ અને આયોજન સિવાયના ખર્ચા આવે જે અનિવાર્ય હોય.

**મકર** રાશિપતિની રાશિ ઉપર ત્રીજી દ્રષ્ટિ અને રાશિમાં સૂર્ય તેમજ બારમે બુધ ખોટાં અનુમાનો કરી ખોટના ખાડામાં ન ઉતારે તેનું ધ્યાન રાખશો.

**કુંભ** સાતમે વક્રી ગુરુ અને દસમે રાશિપતિ શનિ આપને મિશ્રફળ આપે - ક્યારેક લાભ થાય તો ક્યારેક ધન હાનિ થાય - વ્યગ્રતા રહે - મનમાં ગડમથલ ચાલ્યા કરે.

**મીન** દસમે વક્રી બુધ - શુક્ર વ્યવસાયમાં અયોગ્ય નિર્ણય લેવા તમોને પ્રેરે જેથી તમો નુકસાનના ભોગ ન બનો તેનું ધ્યાન રાખશો - યુવાવર્ગો સાવધ રહેવું.

### પ્રથમ સભા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારોબારી સમિતિમાં ૯ સભ્યો, શિક્ષણમાં ૭ સભ્યો, અપીલ સમિતિમાં ૫, સામાજિક ન્યાય સમિતિ સહિતની અન્ય સમિતિઓમાં પાંચ-પાંચ સભ્યોની નિયુક્તી થતી હોય છે.

આ પ્રથમ સભામાં શિક્ષણ સમિતિમાં ૩ અને સામાજિક ન્યાય સમિતિમાં બે સભ્યોની નિયુક્તીનો મુદ્દો આવશે. આ પાંચ સભ્યોની નિયુક્તીને લઈ પણ કોંગ્રેસમાં ખેંચતાણ જોવા મળી રહી છે. નિયુક્ત થયેલા સભ્યોને મતાધિકાર નથી મળતો પણ પંચાયત અને સમિતિઓની બેઠકોમાં તે ચર્ચામાં ભાગ લઈ સૂચનો કરી શકે છે.

પંચાયતમાં સમિતિઓની રચનાની પ્રથમ વૈતરણી પાર કર્યા બાદ સમિતિઓને સત્તા સોંપણીની વૈતરણી પણ નવા પ્રમુખો પાર કરવાની છે.

મળતા નિર્દેશો મુજબ અસંતુષ્ટ જૂથ સ્હેજપણ નમતુ જોખવાના મૂડમાં નથી એટલે મામલો વધુ પેચીદો બની જવા પામ્યો છે.

જો કે કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બધુ શાંતિથી પૂર્ણ થઈ જશે. થોડીક ખેંચતાણ છે પણ બધુ થાળે પડી જવાનો વિશ્વાસ આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે. જોકે સભ્યોના થયેલા ખાટા મન આગામી દિવસોમાં આગેવાનોના નૃતૃત્વની આકરી પરીક્ષાના બની રહેશે.

જિલ્લા પંચાયતની આજની પ્રથમ સભા અંગે પોલીસ બંદોબસ્ત રાખવાની પણ તંત્રએ પોલીસ અધિક્ષકને પત્ર લખી દીધો છે.

૩૦ સભ્યો ધરાવતી જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના ૨૫ સભ્યો છે જ્યારે વિપક્ષ ભાજપના ૫ સભ્યો છે.

### બજેટ સત્ર .... અનુસંધાન પહેલાનું ચાલુ

સુધી ચર્ચા ચાલનાર છે. બજેટ સત્ર દરમિયાન રજૂ થનાર સરકારી વિધેયક માટે પાંચ દિવસ રાખવામાં આવ્યા છે. બિન સરકારી વિધેયક માટે ત્રણ દિવસ રાખવામાં આવ્યા છે. બિન સરકારી સકંલ્પો માટે ત્રણ દિવસ રાખવામાં આવ્યા છે. આ વખતે વિધાનસભાનુ બજેટ સત્ર ભારે તોફાની બની શકે છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂટણીમાં જિલ્લા અને તાલુકા પંચાયતમાં ભાજપની હાર અને તાજેતરમાં હૈદરાબાદ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીની આત્મહત્યા સહિતના શ્રેણીબદ્ધ મુદ્દાઓ ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. કોંગ્રેસ પાર્ટી ભાજપ સરકારને ભીંસમાં લેવા માટે ઈચ્છુક છે. પાટીદાર અનામત આંદોલનનો મુદ્દો પણ ચમકે તેવી પણ શક્યતા છે.

### કોન્ફરન્સ...● અનુસંધાન પહેલાનું ચાલુ

પરમાર તથા દંડક પંકજભાઈ દેસાઈ અને અજયભાઈ ચોકસી પણ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી વસાવાએ જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ દરમ્યાન બે મુખ્ય વિષયો ઉપર ચર્ચા આયોજીત થશે.

આ વિષયોમાં (૧) લોકશાહીની સંસ્થાઓ પ્રત્યે પ્રજાના વિશ્વાસને સુદ્દઢ બનાવવામાં સાંસદો અને ધારાસભ્યની ભૂમિકા તથા અધ્યક્ષીય શોધ કદમ કાર્યક્રમ દ્વારા ધારાસભ્યોને મદદરૂપ થવાનું મહત્વ તથા (૨) સંસદ અને વિધાનમંડળોના સત્ર દરમ્યાન સંસદસભ્યો અને ધારાસભ્યોની હાજરી સુનિશ્ચિત કરવાના હેતુથી કરવામાં આવતા ઉપાયો અને વિધાનમંડળોમાં ગુણવત્તાપૂર્ણ ચર્ચા જેવા વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ ચર્ચા અને વિચાર વિમર્શ ''ઈન કેમેરા'' રહેશે.

આઝાદી પહેલા ૧૯૨૧માં આ કોન્ફરન્સની પ્રથમ બેઠક દિલ્હી ખાતે આયોજીત થઈ હતી. ત્યારથી લઈ ૨૦૧૬માં આ ૭૮મી કોન્ફરન્સ આયોજીત થવા જઈ રહી છે. ગુજરાતના સપૂત શ્રી વિઠ્ઠલભાઈ પટેલ ઈ.સ. ૧૯૨૫માં કેન્દ્રીય ધારાગૃહના પ્રથમ ભારતીય અધ્યક્ષ બન્યા બાદ આ પરિષદનું મહત્વ વધી ગયું હતું. ગુજરાતમાં આ પ્રકારની કોન્ફરન્સ ત્રીજી વખત આયોજીત થઈ રહી છે. આ અગાઉ ગુજરાતની સ્થાપના બાદ ૧૯૭૩ અને ૧૯૯૨માં આ કોન્ફરન્સનું આયોજન થયેલ હતું. આશરે ૨૪ વર્ષ બાદ ફરી આ કોન્ફરન્સનું યજમાનપદ ગુજરાતને પ્રાપ્ત થયું, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. આ કોન્ફરન્સ તા. ૨૧ થી ૨૪ જાન્યુઆરી-૨૦૧૬ના દિવસોમાં ગાંધીનગર ખાતે આયોજીત થઈ રહી છે.

# કેશોદ પાસે અકસ્માતમાં ત્રણ વિદ્યાર્થિનીઓ સહિત ૫ના મોત

**સુરત નગરપાલિકા શાળાના વિદ્યાર્થીઓ ભોગ બન્યા : અનેક વિદ્યાર્થીઓ અને અન્યોને ઈજા : સોમનાથના દર્શન કરીને પરત ફરતી વેળા થયેલો ગમખ્વાર માર્ગ અકસ્માત**

અમદાવાદ, તા.૨૧

જુનાગઢના કેશોદ નજીક સ્કુલ બસ પલટી ખાઈ જતા ત્રણ વિદ્યાર્થીની સહિત પાંચ લોકોના આજે મોત થયા હતા અને અન્ય ૨૦થી વધુને વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી. ઘાયલ થયેલા પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ઘાયલ થયેલા તમામને વધુ સારવાર માટે જુનાગઢની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સુરતની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રવાસે નિકળ્યા હતા. સોમનાથથી પ્રવાસ પૂર્ણ કરીને સુરત પરત ફરી રહ્યા હતા ત્યારે કેશોદ નજીક બસનુ ટાયર ફાટી જતા આ અકસ્માત થયો હતો. ૨૦થી વધુ વિદ્યાર્થીઓને સામાન્ય ઈજા થઈ હતી. આ ગમખ્વાર અકસ્માત બાદ મૃત્યુ પામેલા લોકોના પરિવાર માટે સરકાર અને સુરતના મેયરે ૫૦-૫૦ હજારની સહાયની જાહેરાત કરી હતી.અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામની ઓળખ કરી લેવામાં આવી છે. જે પૈકી એક પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી નીશા મગનભાઈ રબારી, બીજી સાતમા ધોરણમાં અભ્યાસ કરતી દિવ્યા ઉદ્ધવભાઈ ભારતી અને ત્રીજી સાતમા ધોરણમાં અભ્યાસ કરતી લાંભા ભાનુબેન તરીકે ઓળખાઈ છે. અકસ્માત માટેનુ પાકુ કારણ જાણી શકાયન નથી પરંતુ ડ્રાઈવરે કાબુ ગુમાવતા આ અકસ્માત થયો હોવાનુ કહેવામાં આવે છે. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓ અને શિક્ષણકોના ખબર અંતર પુછવા માટે કલેકટર આલોક કુમાર, એસપી સૌરભ તોલંબિયા અને મેયર જીતુભાઈ હિરપરા પહોંચી ગયા હતા.

બનાવની જાણ થતા પોલીસ કાફલો તરત જ ઘટના સ્થળે પહોચી ગયો હતો અને બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી. કેશોજ નજીક અગતરાય ચોકડી પાસે અકસ્માત એટલો જોરદાર હતો કે પાંચના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા. પ્રાથમિક તપાસ મુજબ સુરત નગરપાલિકાની શાળા નંબર ૩૧૬ના વિદ્યાર્થીઓ સહિત ૭૬ લોકો પ્રવાસે નિકળ્યા હતા. આજે વહેલી સવારે સોમનાથમાં દર્શન કરીને સુરત પરત રવાના થયા હતા. જે વેળા જ આ અકસ્માત થયો હતો.



## કાંકરેજ તાલુકા પંચાયતના અધ્યક્ષની વરણી

કાંકરેજ તાલુકા પંચાયતમાં કારોબારી અધ્યક્ષની ટર્મ પુરી થતા આજે કારોબારી અધ્યક્ષ તરીકે અણદુભા બાલસંગ ડાભીની બિનહરિફ વરણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કિર્તીસિંહ વાઘેલા, ડાહ્યાભાઈ પીલીયાતર, અશ્વિન શાહ, શાંતુભા ડાભી, ભરતસિંહ ભટેસરીયા, તારાબેન મફાજી સોલંકી વગેરે હાજર રહ્યા હતા અને નવા અધ્યક્ષને અભિનંદન સહ શુભેચ્છા પાઠવા હતી.

## ખેડબ્રહ્મામાં વાહનની ટક્કરે એકનું મોત

ખેડબ્રહ્માના લાલસિંહજી કંપા પાટીયા પર એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા વાલરણના એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું. ધોળીવાવ ગામના જગદીશભાઈ બાસુભાઈ ડાભી ખેડબ્રહ્મા અંબાજી હાઈવે ખેતરમાં ભાગીયા તરીકે કામ કરે છે. જ્યારે તેમને ખેતીકામમાં વધુ કામ હોય તો વાલરણના બેચરભાઈને બોલાવતા હતા. મંગળવારે બેચરભાઈને બોલાવેલ અને કામ પતતાં સાંજે ઘરે જતા રહ્યા હતા. ગુરૂવાર સવારે ખેતરમાં કામ કરતા ત્યારે બેચરભાઈનો પુત્ર રોહિત આવીને જણાવેલ કે મારા પિતાજીને કોઈ વાહન ટક્કર મારી ભાગી ગયેલ છે. જેથી જગદીશભાઈ અને બીજા માણસો ત્યાં જઈ જોતા બેચરભાઈ મરણ ગયેલ હતા.

# પાટણ વિધાનસભા મત વિસ્તારના ૨૧ રસ્તાના કામો માટે ૧૫૧૬ લાખ મંજુર

શિહોરી, તા. ૨૧

પાટણ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય અને મુખ્યમંત્રીના સંસદીય સચિવ, પંચાયત દ્વારા પાટણ વિધાનસભા વિસ્તારમાં વિકાસના કામો મંજુર કરાવવામાં આવ્યા છે. નવીન રસ્તાના કામો રોડ રીસરફેશના કામો, તળાવો ઊંડા કરવાના કામો, ગટર લાઈનના, પાણી પુરવઠાના કામો, વીજળીના કામો, શિક્ષણને લગતા કામો વગેરે મંજુર કરાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ વિધાનસભા મત વિસ્તારમાં વિકાસના કામો થવાની સરવાણી સતત વહેતી રહી છે.

પાટણ વિધાનસભા મત વિસ્તારના જુદા જુદા રસ્તાના કામો મંજુર કરાવવા સરકારમાં દરખાસ્ત કરવામાં આવેલ. જે દરખાસ્ત મુજબના કામો મંજુર કરવા મંત્રી માર્ગ અને મકાન સમક્ષ લેખિત તેમજ રૂબરૂમાં રજુઆત કરતાં પાટણ વિધાનસભા મત વિસ્તારના ૨૧ કામો માટે રૂ. ૧૫૧૬ લાખ મંજુર કરેલ છે. જે અંગે રણછોડભાઈ દેસાઈ સંસદીય સચિવ પંચાયતે, નીતિનભાઈ પટેલ, મંત્રી માર્ગ અને મકાનનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ મંજુર થયેલ રસ્તાઓમાં સજનીપુર-ખલીપુર-ઓઢ, ધારણોજ એપ્રોચ, પાટણ-સુજનીપુર, નોરતા-માંડોત્રી, રણંજ-મણંદ, મણંદ-પળી, કાંસા-સરીયદ-સાંપ્રા-ઉંદરા, હરીપુરા એપ્રોચ, વીડપુર-લોધી, નાયતા-નાનાવેલોડા, ચોરમારપુરા એપ્રોચ ચોરમારપુરા-અધાર-સુજનીપુર, વાયડ એપ્રોચ, મોરપા એપ્રોચ, ધારપુર-સાંતી, અજીમાણા-જાળેશ્વર-પાલડી, અધાર-વામેયા, સંડેર-ડાભડી-રૂવાવી-સુરપુરા, હનુમાનપુરા-ઓઢવા, સુજનીપુર-દુનાવાડા, સરીયદ-ગોલીવાડા રોડનો સમાવેશ થાય છે. આ મંજુર થયેલ કામો ઉપરાંત નાળા બોક્ષ કનવર્ડ, સ્લેબ ડ્રેઈન પ્રોટકશન વોલ વગેરે કામો પણ મંજુર કરવામાં આવ્યા છે.

આ તમામ રૂ. ૧૫૧૬ લાખના કામોના તા. ૨૮-૧-૨૦૧૬ના રોજ ટેન્ડરો ખુલનાર છે. તેમજ અગાઉ પાટણ બાયપાસ રસ્તાના મંજુર કરેલ કામો માટે ૮૬૯ લાખના ખર્ચે ટુંક સમયમાં કામ શરૂ થશે.

## નરોડા પાટિયા હત્યાકાંડમાં સજા પામેલ શખ્સ ઝડપાયો

નરોડા પાટીયા હત્યાકાંડમાં ૩૧ વર્ષની સજા પામેલા આરોપીએ પેરોલ રજા દરમિયાન પત્રકાર મહિલાના હુમલાના કેસમાં તેમજ મહિલા સામે કરેલા સૃષ્ટિ વિરુદ્ધના કેસમાં એસઓજીની ટીમે આરોપરીની ધરપકડ કરી હતી. આરોપીને કુબેરનગર એસટી વર્કશોપ સામે નરોડા પાસેથી ધરપકડ કરી હતી. પત્રકાર મહિલા રેવતી ઈન્દ્રજીરાલોલ રહે વેજલપુરે કુબેરનગર ખાતે આરોપી સુરત કાંતિભાઈ જાડેજાના ઘરે ઈન્ટરવ્યુ લેવા ગઈ હતી. આરોપીએ પત્રકાર મહિલા સાથે વાતચીત કરવા ના પાડી તેમજ જોરથી ગાલ પર તેમજ માથાના ભાગે મારી ફરાર થઈ જજતાં આસપાસના લોકોએ આરોપીને પકડી લીધો હતો.

### સેવા મોંઘી બનશે...● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટ રજૂ કરતી વેળા એક્સાઈઝ ડ્યુટીમાં રાહત આપે તેવી શક્યતા છે. ઉપરાંત સરકાર સર્વિસ ટેક્સના દરોમાં કાપ મુકી શકે છે. જેટલી સિક્યોરિટી ટ્રાન્જેક્શન ટેક્સ (એસટીટી) અને કેપિટલ ગેઈન ટેક્સના નિયમોમાં કોઈ ફેરફાર ન કરે તેવી પણ શક્યતા છે.

સર્વિસ ટેક્સની સાથે સાથે એક્સાઈઝ ડ્યુટીમાં પણ ઘટાડો થઈ શકે છે.વિશ્વસનીય સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ મોદી સરકાર બજેટ રજૂ કરતી વેળા આ વખતે મેક ઈન ઈન્ડિયા કોન્સેપ્ટ પર ખાસ નજર રાખશે. બજેટમાં એક્સાઈઝ ડ્યુટીમાં મોટી રાહતો મળી શકે છે. ભારતમાં ઉત્પાદન કરવા અને વિદેશી અથવા તો સ્થાનિક કંપનીઓને કોઈ તકલીફ ન પડે તેની ખાતરી કરવામાં આવનાર છે. સરકાર દરેક બજેટમાં સર્વિસ ટેક્સની જાળને વધુ વિસ્તૃત કરે છે. આ પરંપરાને જાળવી રાખવાની બાબત આ વખતે સરળ રહેશે નહી. બજેટમાં એસટીટી અને કેપિટલ ગેઈન ટેક્સના નિયમોમાં કોઈ ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. બજેટમાં સામાન્ય લોકો અને કારોબારી કેટલીક અપેક્ષા રાખે છે. આ વખતે કેન્દ્ર સરકાર પાસેથી મોટી અપેક્ષા લોકો રાખી રહ્યા છે. કારણ કે સરકાર સંપૂર્ણ બહુમતિ ધરાવે છે. આવી સ્થિતીમાં લોકોને મોટા ફાયદા મળી શકે છે.બજેટ પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. બજેટને લઈને તમામની નજર જેટલી પર કેન્દ્રિત થઈગઈ છે. હાલમાં બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની હાર થયા બાદ લોકલક્ષી અને ઉદ્યોગલક્ષી બજેટ રજૂ કરવાનો પડકાર જેટલીની સામે રહેલો છે.

### બજારો ચિંતાતુર...● અનુસંધાન પહેલાનું ચાલુ

પર પહોંચી ગયો હતો. આજે ભારે અફડાતફડી જોવા મળી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ બુધવારના દિવસે ૧૩૨૫ કરોડની કિંમતના શેર વેચી દીધા હતા. પ્રાંતીય સ્ટોક એક્સચેંજના ડેટામાં આ મુજબની વાત કરવામાં આવી હતી. એશિયન શેરબજારમાં પણ ભારે અફડાતફડી રહી હતી. ક્રુડની કિંમતમાં પણ ઉતારચઢાવની સ્થિતી રહી હતી. જાપાનના નિક્કીમાં ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે હેંગસેંગમાં ૧.૯ ટકાનો ઘટાડો રહ્યો હતો. ચીનના સંઘાઈ કમ્પોઝીટમાં ૩.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. સેક્ટરની દ્રષ્ટિએ જોઈએ તો બેન્કેક્સમાં ૧.૩ ટકાનો ઉથછો રહ્યો હતો. બીએસઈ ઓટો ઈન્ડેક્સમાં ૧.૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. કોમોડીટી આધારિત શેરમાં પણ સુધારા સાથેની સ્થિતી રહી હતી. આજે જે શેરમાં તેજી રહી હતી તેમાં એસબીઆઈ, આઈસીઆઈસીઆઈ અને એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. બીએસઈ સેંસેક્સ બુધવારના દિવસે ૪૧૮ પોઈન્ટ ઘટીને ૨૪૦૬૨ની નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૨૬ પોઈન્ટ ઘટીને ૭૩૦૯ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં બે-બે ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્‌થ પણ નકારાત્મક રહી હતી.

### ભલામણોને...● અનુસંધાન પહેલાનું ચાલુ

પેન્શનના અમલીકરણ તથા મૂડી ખર્ચને જાળવી રાખવા જેવા પરિબળો દેખાઈ રહ્યા છે. આ તમામ કારણોસર ખર્ચ બોજ વધે

તેમ માનવામાં આવે છે. ગ્રામીણ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસ થઈ રહ્યા છે. મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે ડિસેમ્બર મહિનામાં મધ્યવર્ષીય આર્થિક સમીક્ષામાં મધ્યમ અવધિની નાણાંકીય રુપરેખાની મૂલ્યાંકનની વાત કરી હતી. તેઓએ વર્તમાન નાણાંકીય વર્ષ માટે સત્તાવાર જીડીપી ગ્રોથ આગાહીને ૮.૧-૮.૫થી ઘટાડીને ૭-૭.૫ ટકા કરી હતી. સુબ્રમણ્યમે એવી ચેતવણી પણ આપી હતી કે, જો સરકાર ફિસ્કલ કન્સોલિડેશન માટે વર્તમાન માર્ગ ઉપર આગળ વધશે તો વધારે મુશ્કેલી પડી શકે છે. છેલ્લા બજેટમાં જેટલીએ અગાઉ સુધારવામાં આવેલા અંદાજના બદલે ૩.૯ ટકાના ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટની વાત કરી હતી. વર્ષ ૨૦૧૬-૧૭ના ૩.૫ ટકાના ફિસ્કલ ડેફિસિટ અંદાજ અને ૨૦૧૧-૧૮ માટે ૩ ટકાના અંદાજની વાત કરાઈ હતી. એમ માનવામાં આવે છે કે, રોડમેપને લઈને જેટલી પણ દુવિધાભરી સ્થિતિમાં છે. સરકાર ૭મા વેતન પંચની ભલામણોને હાલપુરતી મોકૂફ કરી શકે છે.

## હિંમતનગરમાં બહેનપણીએ બહેનપણી સાથે વિશ્વાસઘાત કર્યો

હિંમતનગર, તા. ૨૧

હિંમતનગરના મહાવીરનગરમાં રહેતી બે બહેનપણીમાંથી એક એ બીજી બહેનપણીના બેંક એકાઉન્ટમાંથી ત્રણેક માસ અગાઉ ત્રણ હપ્તે રૂ. ૨૩ હજારની રકમ એટીએમ કાર્ડ દ્વારા ઉપાડી લઈ વિશ્વાસઘાત સાથે છેતરપિંડીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. બહેનપણીએ બહેનપણી સામે સોમવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મામલો દર્જ કરાવતા પોલીસે ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી છે.

વિશ્વાસઘાત સાથે છેતરપિંડી કરવાના મામલે પ્રાપ્ત વિગત અનુસાર મહાવીરનગરની અંજલિ પાર્ક સોસાયટીમાં રહેતા હિરલબેન મણિલાલ પંચાલ ભવાની સોસાયટીમાં રહેતા નિલમબેન ચર્તુભૂજ આચાર્ય સાથે મિત્રતા હતી. હિરલબેનનું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ખાતુ હતુ અને એટીએમ કાર્ડ પણ ધરાવતા હતા. પરંતુ તેણીને એટીએમ કાર્ડ દ્વારા નાણાં ઉપાડવાનું આવડતું ન હતું. જેમાં કારણે તેની બહેનપણી નિલમબેન અવારનવાર હિરલબેનને તેમના એટીએમ કાર્ડથી નાણાં ઉપાડી આપતા હતા.

મહાવીરનગરના નિલમબેને ત્રણેક માસ અગાઉ હિરલબેનના એસ.બી.આઈ. ખાતાના એટીએમ કાર્ડનો નંબર જાણતા હોઈ તા. ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ તેણીના કાર્ડનો ઉપયોગ કરી ત્રણ હપ્તામાં જાણ બહાર રૂ. ૨૩ હજાર જેટલી રકમ ખાતામાંથી ઉપાડી લીધી હતી. બહેનપણીએ બહેનપણી સાથે વિશ્વાસઘાત કરી તેના એટીએમ કાર્ડનો દૂરઉપયોગ કરી છેતરપીંડી કર્યાનું ધ્યાને આવતા હિરલબેન પંચાલે બહેનપણી નિલમબેન આચાર્ય વિરૂદ્ધ સોમવારે હિંમતનગરના એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વિશ્વાસઘાત સાથે છેતરપિંડી કરનાર મહિલા વિરૂદ્ધ ગુનો દર્જ કરી લઈ સમગ્ર પ્રકરણની તપાસ શરૂ કરી છે.

## આવતીકાલે નડાબેટ મુકામે શાનદાર અશ્વ મહોત્સવ

પાલનપુર, તા.૨૧

બનાસકાંઠા જિલ્લાના સરહદી અને રણની સમીપ આવેલ સુઈગામ તાલુકાના નડાબેટ મુકામે આવતીકાલ તા. ૨૩ જાન્યુઆરી શનિવારના રોજ શાનદાર અશ્વ મહોત્સવ યોજાશે. આ સ્પર્ધામાં બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લા સહિત વિવિધ પ્રસંગે ઉંટ સ્પર્ધા અને પ્રદર્શન યોજવાનું પણ આયોજન કરાયું છે.

આ સ્પર્ધાનું આયોજન બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર, સુરક્ષા સેતુ સોસાયટી અને સીમા જનકલ્યાણ સમિતિના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે. સ્પર્ધાનો પ્રારંભ તા. ૨૩ જાન્યુઆરીના રોજ



વિસ્તારોમાંથી પાણીદાર અશ્વો ભાગ લેશે. આ પ્રસંગે પોલીસ વિભાગના શકિતશાળી અશ્વો દ્વારા વિવિધ કૌશલ્યો રજુ કરવામાં આવશે. જેમાં વ્યકિતગત અને ટીમ સ્પર્ધામાં ટેન્ટ પેગીંગ, તથા જમ્પીંગ અને બેરલ રેસ કરાશે. જયારે પબ્લીકના અશ્ની સ્પર્ધામાં રેવાલ ચાલ, પાર્ટી દોડ અને વિવિધ કૌશલ્યો જોવા મળશે. સ્પર્ધામાં વાળીઘોડાની હરિફાઈ તથા સુંદરતાની હરિફાઈ યોજાશે. આ સવારે ૮.૦૦ વાગે થશે. અશ્વ સ્પર્ધામાં ભાગ લેવા માટે તા. ૨૩ જાન્યુઆરીના રોજ સવારે ૮.૦૦ વાગ્યા પહેલા રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે ડી.વી. વરસડીયા મો. નં. ૯૪૨૬૪ ૬૯૮૯૮ તથા મહેશભાઈ દવે મો. નં. ૯૯૭૯૨ ૧૩૨૦૦ નાયબ નિયામકશ્રી પશુપાલન મો. ૯૮૨૫૮ ૫૩૩૮૨, ૯૪૨૭૦ ૪૩૭૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## કાલવણના ઈસમે ભાંખરાની યુવતી સાથે દુષ્કર્મ આચરતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૧

વિજયનગર તાલુકાના કાલવણ ગામના ઈસમે ભાંખરા ગામની યુવતીને લગ્ન કરવાની લાલચ આપી છ વર્ષથી દુષ્કર્મ આચરતો હતો. જેણે યુવતીને વિરેશ્વર ગામની સીમમાં દુષ્કર્મ આચરી યુવતીએ લગ્ન કરવાનું કહેતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે બુધવારે યુવતીએ વિજયનગર પોલીસ મથકમાં યુવક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વિજયનગર તાલુકાના કાલવણ ગામના રજનીકાન્ત રૂપસી ખરાડીએ બાંકરા ગામની યુવતી સાથે લગ્ન કરવાની લાલચ આપી તા. ૨૧-૯-૨૦૦૯થી ૨૮-૯-૨૦૧૫ દરમિયાન વિરેશ્વર ગામની સીમમાં યુવતીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કર્યું હતું. જો કે યુવતીએ રજનીકાન્ત લગ્ન કરવાનું કહેતા તેની પાસે જતી હતી પરંતુ રજનીકાન્તે યુવતીને લગ્ન કરવા બાબતે જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો જેથી યુવતીએ બુધવારે રજનીકાન્ત રૂપસી ખરાડી વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે યુવતીની ફરિયાદને આધારે રજનીકાન્ત વિરૂધ્ધ ઈપીકો કલમ ૫૦૪, ૫૦૬ (૨), ૩૭૬ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

**ટુંકી મુદતની જાહેર નિવિદા**

આગામી તા. ૨૧/૨/૨૦૧૬થી તા. ૧/૩/૨૦૧૬ દરમિયાવ વસંતોત્સવ-૨૦૧૬ (સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ક્રાફ્ટ બજાર) સંસ્કૃતિકુંજ, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમોના સંદર્ભમાં લાઈટીંગ, સાઉન્ડ સીસ્ટમ, મંડપ-સ્ટોલ ડેકોરેશન, પ્રીન્ટીંગ, વિડીયોગ્રાફી, સિક્યોરીટી વ્યવસ્થા, ટ્રાન્સપોર્ટેશન, સંસ્કૃતિકુંજ કેમ્પસમાં સમારકામ કરી સાફ-સફાઈ કરવા તેમજ રેતી કામ, પુરણ, લીંપણ, ઝુંપડીઓ બનાવવાની તથા ચણતરની વિવિધ કામગીરી કરવા માટેના અલગ અલગ ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી એજન્સીઓએ ટેન્ડર ફોર્મ તથા શરતો કચેરીના કામકાજના દિવસો દરમિયાન જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ૧૯૦/૨, ગ-૧ ટાઈપ, સેક્ટર-૩૦, ગાંધીનગરથી જાહેરાત પ્રસિદ્ધ થયે દિન-૭માં રૂપિયા ૫૦૦/-ની ફી ભરી રૂબરૂ મેળવી સીલબંધ કવરમાં કામની વિગત મથાળે દર્શાવી રૂબરૂ આપી જવાના રહેશે.

**જીલ્લા રમત ગમત અધિકારી**
**ગાંધીનગર**